સમગ્ર શ્રીલંકામાં સાત કલાક સુધી વીજ પુરવઠો ખોરવાયેલો રહ્યો

અચાનક સિસ્ટમ ફેલ્યોર સર્જાતા સમગ્ર ટાપુ રાષ્ટ્ર વીજળી વિહોણું બની ગયું

કોલંબો, ૧૭ ઓક્ટોબર (પીટીઆઈ): શ્રીલંકામાં શનિવારે અચાનક સર્જાયેલા સિસ્ટમ ફેલ્યોરને કારણે આશરે સાત કલાક સુધી આખું દેશવ્યાપી પાવર કટ જોવા મળ્યું હતું. સરકારના નેશનલ સિસ્ટમ ઓપરેટરના જણાવ્યા અનુસાર, વીજળી ગુલ થવાની આ ઘટના બપોરે ૧૨ વાગ્યાની આસપાસ શરૂ થઈ હતી અને સાંજ સુધીમાં સમગ્ર દેશમાં વીજળી પૂર્વવત થઈ ગઈ હતી.

વીજળી ગુલ રહેવા દરમિયાન પાણીનો પુરવઠો, ઈન્ટરનેટ સેવાઓ અને મોબાઈલ કનેક્ટિવિટી પ્રભાવિત થયા હતા, જ્યારે સત્તાવાળાઓ દ્વારા તબક્કાવાર વીજળી ચાલુ કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. ઊર્જા મંત્રી અનુરા કરુણાતિલકાએ જણાવ્યું હતું કે, અચાનક સિસ્ટમ ફેલ્યોર થવાને કારણે આખા દેશમાં વીજળી ગ્રીડ ઠપ થઈ ગઈ હતી. સાંજ સુધીમાં કેટલાક વિસ્તારોમાં વીજળી પુરવઠો શરૂ થઈ ગયો હતો, જ્યારે દેશના મોટાભાગના રહેવાસીઓએ વીજળી પૂર્વવત થવા માટે સાંજ સુધી રાહ જોવી પડી હતી. આ બ્રેકડાઉનનું ચોક્કસ કારણ તાત્કાલિક જાણી શકાયું ન હતું. મંત્રીએ જણાવ્યું હતું કે, મધ્ય પર્વતીય પ્રદેશમાં આવેલા એક હાઇડ્રોપાવર સ્ટેશનમાં શુક્રવારે જણાયેલી ખામી આ પાવર કટનું એક કારણ હોઈ શકે છે.

કોટામાં મિની બસ ૧૫ ફૂટ ઊંડા નાળામાં પડતાં ૮નાં મોત

કોટા (રાજસ્થાન) તા. ૧૭ (પીટીઆઈ): રાજસ્થાનના કોટા જિલ્લામાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર શનિવારે સવારે આશરે ૬ વાગ્યે આશરે ૨૩ મુસાફરોને લઈ જતી એક મિની બસ રસ્તા પરથી લપસીને ૧૫ ફૂટ ઊંડા નાળામાં પડી જતાં આશરે ૮ લોકોનાં મોત થયાં હતાં અને અન્ય ૧૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતા, જેમાંથી ૮ની હાલત ગંભીર છે.

આ અકસ્માત એક્સપ્રેસ વે પર પોલ નંબર ૩૮૪ પાસે થયો હતો. સત્તાવાળાઓને આશંકા છે કે, ડ્રાઇવરને ઝોકું આવી ગયું હશે જેના કારણે સ્ટેરિંગ પર કાબૂ ન રહેતાં વાહન આઠ લેનવાળા રસ્તા પરથી નીચે ઊતરી ગયું હતું.

વિદ્યાર્થી આંદોલન પછી સમગ્ર ફ્રાન્સમાં મોંઘવારી વિરોધી હિંસક દેખાવો

પેરિસ ઉપરાંત અનેક શહેરોમાં તોડફોડ અને આગજનીના બનાવો, દેશભરમાં ૨૭૨ની ધરપકડ

ટુરિસ્ટ ઓફિસની ઈમારત સળગાવાઇ, દુકાનો લૂંટાઇ

પાડોશના બેલ્જિયમમાં પણ વિદ્યાર્થી આંદોલને વેગ પકડ્યો

પેરિસ, તા. ૧૭: - જીવનજરૂરી ચીજવસ્તુઓના વધતા ભાવ સામેના દેશવ્યાપી દેખાવો અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓની ફરિયાદોના સમર્થનમાં નીકળેલા મોરચાના ભાગરૂપે પેરિસમાં કાર અને છાપાની કિયોસ્કને આગ ચાંપવામાં આવી હતી, જ્યારે પોલીસે હિંસક વિરોધકારોને ખદેડવા માટે ટીયર ગેસ અને વૉટર કેનનનો ઉપયોગ કર્યો હતો.

આ ઉપરાંત, અન્ય મોટા શહેરોમાં પણ આવા જ તણાવના દ્રશ્યો જોવા મળ્યા હતા. અનેક કાર આગને હવાલે કરાઇ છે. દુકાનોમાં લૂંટફાટ કરવામાં આવી હોવાના પણ અહેવાલ છે.

ફ્રાન્સના ત્રીજા સૌથી મોટા શહેર લ્યોનમાં, એક ટૂરિસ્ટઑફિસની અંદર આગ ફાટી નીકળી હતી. તોફાનીઓએ તે સળગાવી હતી. આ ઈમારતમાંથી ધુમાડો અને જ્વાળાઓ બહાર આવતી જોવા મળી હતી. દક્ષિણના બંદરગાહ શહેર મર્સેઈમાં કેટલીક દુકાનો અને મ્યુનિસિપલ પોલીસ સ્ટેશનને નુકસાન પહોંચ્યું હતું, જ્યારે કેટલાક વિરોધકારો બળજબરીથી સિટી હૉલની લૉબીમાં ઘૂસી ગયા હતા. સપ્ટેમ્બરના મધ્ય ભાગથી શાળા તાળાબંધી દ્વારા વિરોધ કરી રહેલા વિદ્યાર્થી સંગઠનોએ પણ તેમના સમર્થકોને તેમાં જોડાવા આહ્વાન કર્યું હતું. ફ્રાન્સના મુખ્ય કામદાર યુનિયનોમાંના એક, CGTએ પણ આ વિરોધ પ્રદર્શનોને ટેકો આપ્યો હતો અને ઊંચા પગાર અને પેન્શન, નીચા ભાવ અને લોકોની જરૂરિયાતો પૂરી કરતી જાહેર સેવાઓના રક્ષણ માટે માંગ કરી હતી. દેશભરમાંથી ૨૭૨ની ધરપકડ કરવામાં આવી હોવાના અહેવાલ છે.

ફ્રાન્સના તોફાનોની અસર પાડોશના બેલ્જિયમમાં પણ થઈ છે અને ત્યાં પણ વિદ્યાર્થી આંદોલન ઉગ્ર બન્યું છે.

વધતા શિક્ષણ ખર્ચ અને ઉચ્ચ શિક્ષણ લેવાનું વધુ મુશ્કેલ બનાવતા સુધારાઓના વિરોધમાં દેખાવો કરતા વિદ્યાર્થીઓની બ્રસેલ્સમાં પોલીસ સાથે અથડામણ થઈ હતી.

હોર્મુઝમાં ડૂબેલા જહાજમાંથી આઇફોન્સ અને પરફ્યુમ લૂંટવા ઇરાની માછીમારોની પડાપડી

સિંગાપોરનું જહાજ સુરંગ સાથે અથડાઇને ડૂબી ગયું, કિંમતી સામાન ભરેલા તેના કન્ટેનરો તરતા થઇ ગયા

તહેરાન, તા. ૧૭: હોર્મુઝની સામુદ્રધુનીમાં એક કન્ટેનર જહાજ સુરંગ ઘડાકા પછી ડૂબી ગયું હતું. તે પછી અનેક ઇરાનીઓ આઇફોન તથા ફેન્ય પરફ્યુમ શોધવા માટે મચ્છીમારી કરતા હોય તેમ દરિયામાં ઉતરી પડ્યા હતા.

વિડિયોમાં દર્શાવવામાં આવ્યું છે કે આ મહત્વપૂર્ણ જળમાર્ગમાં ડૂબેલા આ જહાજના હજારો કન્ટેનર તરતા થઇ ગયા પછી સેંકડો લોકો લૂંટ ચલાવવા માટે ધસારો કરી રહ્યા હતા.

ઇરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ(IRGC) અનુસાર, આ જહાજે સામુદ્રધુનીના એક 'અનધિકૃત અને જોખમી' વિસ્તારમાંથી મુસાફરી કરી હતી ત્યારે તે સુરંગ સાથે અથડાયું હતું. બોર્ડ પર આગ ફાટી નીકળ્યા બાદ આ માલવાહક જહાજ ડૂબી ગયું હતું અને ક્રૂના તમામ ૨૧ સભ્યોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. ૧૩ ઓક્ટોબરના રોજ સિંગાપોરનો ધ્વજ ધરાવતા આ જહાજ 'GFSPride' દ્વારા ૨,૫૦૦ થી વધુ કન્ટેનર લઈ જવામાં આવી રહ્યા હતા. સિંગાપોરની મેરીટાઇમ એન્ડ પોર્ટ ઓથોરિટીએ જણાવ્યું હતું કે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતી વખતે આ જહાજ પર અજાણ્યા પ્રક્ષેપકો વડે હુમલો કરવામાં આવ્યો હતો. GFS Pride પર રહેલા કન્ટેનરોમાં 'iPhones અને પરફ્યુમ' હોવાના અહેવાલ હતા, જેથી ઇરાની માછીમારોએ તરતા માલસામાનને બહાર કાઢવા માટે તાત્કાલિક ધસારો કર્યો હતો.

પ્રિયાગોલ્ડ બિસ્કિટમાં પશુ આહારનું ભુસું!: કાનૂની કાર્યવાહી શરૂ

ખાદ્ય સામગ્રીઓ વાંધાજનક જણાતા ડોડલા ડેરી અને ચુઇર ઓર્ગેનિક ફૂડ્સ સામે પણ એફએસએસએઆઇની કાર્યવાહી

નવી દિલ્હી, તા. ૧૭(PTI): ખાદ્ય નિયમનકાર FSSAIએ 'પ્રિયાગોલ્ડ' બિસ્કિટના ઉત્પાદનમાં પશુઆહારના ભૂસાનો ઉપયોગ કરવા અને અન્ય ગંભીર ઉલ્લંઘનો બદલ 'સૂર્યા ફૂડ એન્ડ એગ્રો' સામે કાનૂની કાર્યવાહી શરૂ કરી છે.

FSSAIના નિયમોના ગંભીર ઉલ્લંઘન બદલ 'ડોડલા ડેરી લિમિટેડ' અને 'યુઇર ઓર્ગેનિક ફૂડ્સ પ્રાઇવેટ લિમિટેડ' સામે પણ કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પ્રિયાગોલ્ડ બિસ્કિટ વેચતી 'સૂર્યા ફૂડ એન્ડ એગ્રો' સામે આ પગલું એટલા માટે લેવામાં આવ્યું છે કારણ કે તે બિસ્કિટના ઉત્પાદનમાં પશુઆહારના બ્રાનનો ઉપયોગ કરી રહી હતી. બીજી તરફ, ડોડલા ડેરીનું ફૂલ ક્રીમ દૂધનો નમૂનો સબસ્ટાન્ડર્ડ જણાયો હતો, જ્યારે યુઇર ઓર્ગેનિક ફૂડ્સ દ્વારા વેચાતી પીળી કિસમિસમાં જંતુનાશકોના અવશેષો મળી આવ્યા હતા.

શનિવારે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, FSSAI એ માહિતી આપી હતી કે તેણે આ ત્રણ કંપનીઓ સામે ગંભીર ખાદ્ય સુરક્ષા ઉલ્લંઘનો માટે પ્રોસીક્યુશન માટેની કાનૂની કાર્યવાહી શરૂ કરી છે. એક ગ્રાહકની ફરિયાદ બાદ FSSAI દ્વારા સૂર્યા ફૂડ એન્ડ એગ્રોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાની ગંભીર ખામીઓ જોવા મળી હતી. નિયમનકારે જણાવ્યું હતું કે, "પશુઆહાર માટે બનાવાયેલ અને માનવ વપરાશ માટે અયોગ્ય એવું બ્રાન, ફાઇબરના સ્ત્રોત તરીકે પ્રિયાગોલ્ડ બિસ્કિટના ઉત્પાદનમાં કાચા માલ તરીકે ઉપયોગમાં લેવાતું જોવા મળ્યું હતું."

આ બ્રાન ધરાવતી ગુણીઓ પર એવા નિશાન હતા જે દર્શાવતા હતા કે આ સામગ્રી પશુઆહાર માટે છે. આ ઉપરાંત પ્લાન્ટની સ્વચ્છતા, પેસ્ટ કંટ્રોલ (જંતુ નિયંત્રણ), કાચા માલની સંગ્રહ અને અલગ કરવાની પદ્ધતિ, કર્મચારીઓની સ્વચ્છતા, પરિસરની જાળવણી અને મધ્યવર્તી ફોર્મ્યુલેશનના સંચાલનમાં અન્ય ખામીઓ પણ જોવા મળી હતી.

બાંગ્લાદેશના કોક્સ બજારમાં રિસોર્ટમાં ભીષણ આગ: 10નાં મોત

બીજા માળેથી કૂદીને પતિ બચ્યો, પણ પત્ની સહિત પરિવારના 6 સભ્યો જીવતા ભૂંજાયા

ત્રણ માળની લાકડાંની ઇમારત સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ

ઢાકા, તા. 17 (પીટીઆઈ): અધિકારીઓ અને સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, શનિવારે બાંગ્લાદેશના કોક્સ બજાર જિલ્લામાં એક દરિયાકિનારાના રિસોર્ટમાં લાગેલી આગમાં એક જ પરિવારના 6 સભ્યો સહિત ઓછામાં ઓછા 10 લોકોનાં મોત નીપજ્યાં હતાં અને કેટલાક ઘાયલ થયા હતા.

અત્યાર સુધી ઓળખી કાઢવામાં આવેલા મૃતકોમાં એક જ પરિવારના પરિવારના 6 સભ્યોનો સમાવેશ થાય છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ આગ સ્થાનિક સમય અનુસાર સવારે 7:25 વાગ્યે ઉખીયા સ્થિત તુપ્તુપ રેસ્ટો એન્ડ રિસોર્ટમાં ફાટી નીકળી હતી, જેના કારણે ત્રણ માળની લાકડાંની ઇમારત સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી.

સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, ફાયર સર્વિસ એન્ડ સિવિલ ડિફેન્સના ડિરેક્ટર સુલતાનુલ અફરીન જુનાઈડે જણાવ્યું હતું કે, રિસોર્ટ પાસે આગ-સુરક્ષાનું લાઇસન્સ નહોતું અને જૂનમાં તપાસ કર્યા પછી તેને ચેતવણી આપવામાં આવી હતી.

'પ્રથમ આલો' અખબારના જણાવ્યા અનુસાર, આશિકુલ ઇસ્લામ, જે તેના પરિવાર સાથે રિસોર્ટમાં રજાઓ ગાળી રહ્યો હતો, તે બીજા માળેથી કૂદીને બચી ગયો હતો.

અખબારે આશિકુલના ભાઈને ટાંકીને જણાવ્યું હતું કે, તેની પત્ની ઇશરત જહાં માલિહા અને પરિવારના અન્ય 5 સભ્યો મૃતકોમાં સામેલ હતા.

એક્સપાયર્ડ ફૂડ વેચાણ મામલે રિલાયન્સ, બ્લિંકિટ, ઝોમેટો સામે FIR

આ જાણીતી કંપનીઓના ગોદામોમાંથી એક્સપાઇરી ડેટ ઓવર થયેલો અને બગડી ગયેલો ખાદ્ય પદાર્થોનો જથ્થો મોટા પ્રમાણમાં મળી આવ્યો

મુંબઈ, ૧૭ ઓક્ટોબર (પીટીઆઈ): મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન(FDA) દ્વારા મુદત પૂરી થયેલા ખાદ્ય ઉત્પાદનોના વેચાણ સામેના બહુવિધ જિલ્લાઓમાં હાથ ધરવામાં આવેલા દરોડા દરમિયાન ૪૮ લાખ રૂપિયાની કિંમતનો ખાદ્ય જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પોલીસે રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, રિલાયન્સ રિટેલ, બ્લિંકિટ અને ઝોમેટોના હાઈપરપ્યોરના અધિકારીઓ સામે એફઆઈઆર નોંધી છે, એમ એક અધિકારીએ શનિવારે જણાવ્યું હતું.

થાણેના શાંતિનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી આ એફઆઈઆરમાં રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, રિલાયન્સ રિટેલ, બ્લિંકિટ અને ઝોમેટો હાઈપરપ્યોર સાથે જોડાયેલા વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ નિકાલ એજન્સીના સંચાલકો અને સ્થાનિક સપ્લાયરો સહિત ૧૦ વ્યક્તિઓના નામ સામેલ છે. આ એફઆઈઆર ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની સંબંધિત જોગવાઈઓ હેઠળ નોંધવામાં આવી છે.

FDAના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઓપરેશન ૧૪થી ૧૫ ઓક્ટોબર વચ્ચે થાણે અને પુણે જિલ્લાના અનેક સ્થળો પર એકસાથે હાથ ધરવામાં આવ્યું હતું.

જ્ઞાનેશ કુમાર મામલે લંડનમાં સામસામે દેખાવો

લંડન, તા. 17 (પીટીઆઈ): લંડનના પાર્લામેન્ટ સ્ક્વેર ખાતે મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે શનિવારે સેંકડો લોકો એકઠા થયા હતા.

આ વિરોધ પ્રદર્શન મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) વિરુદ્ધ વિપક્ષી કોંગ્રેસ અને યુકે સ્થિત ભારતીય વિદ્યાર્થી જૂથો દ્વારા આયોજિત કરવામાં આવ્યું હતું.

જ્યારે 'સ્ટોપ વોટ ચોરી' વિરોધ પ્રદર્શનમાં મુખ્ય વક્તા તરીકે કાર્યકર્તા ધ્રુવ રાઠી સામેલ થયો હતો, જ્યાં હાજર લોકોએ તેમનું સ્વાગત કર્યું હતું. ત્યારે ગાંધી પ્રતિમાની સામે એક નાના જૂથમાંથી 'મોદી, મોદી'ના નારા ગૂંજી ઊઠ્યા હતા, મેટ્રોપોલિટન પોલીસ અધિકારીઓએ બન્ને જૂથોને એકબીજાથી અલગ રાખ્યા હતા.

બન્ને જૂથોના લોકો સામસામે આવી જતાં વાતાવરણ ઉગ્ર બની ગયું હતું. કારણ કે દરેક જૂથે બીજાના નારાઓને દબાવવા માટે જોર-જોરથી સૂત્રોચ્ચાર કર્યો હતો.

પેજ 3

બીએમસીએ અભિનેતા અજય દેવગણના ભાડે અપાયેલા બંગલાનું ગેરકાયદે બાંધકામ તોડી પાડ્યું

મુંબઈ, તા. 17 (પીટીઆઈ): બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)એ અભિનેતા અજય દેવગણ અને તેમની માતાની માલિકીના પશ્ચિમ ઉપનગર જુહુ સ્થિત એક બંગલાનું ગેરકાયદે બાંધકામ તોડી પાડ્યું છે. એમ અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું, આ ડિમોલિશન પહેલાં જ બીએમસીએ ત્યાં થઈ રહેલા ગેરકાયદે બાંધકામ સામે કામ રોકવાની નોટિસ જારી કરી હતી. અજય દેવગણની ઓફિસે બાદમાં સ્પષ્ટતા કરી હતી કે, જે માળખાની વાત થઈ રહી છે એ અભિનેતાનું નિવાસસ્થાન નથી, પરંતુ એક અલગ મિલકત છે જેને ભાડે આપવામાં આવી છે અને ઉમેર્યું હતું કે તમામ લાગુ પડતા નિયમો, કાયદા અને માર્ગદર્શિકાઓનું પાલન કરવામાં આવી રહ્યું છે. કે/વેસ્ટ વોર્ડ ઓફિસે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ 354A હેઠળ જારી કરાયેલી નોટિસના માલિકોના જવાબને ફગાવી દીધા બાદ હથોડાઓથી સજ્જ નાગરિક કર્મચારીઓએ 12 ઓક્ટોબરે જેવીપીડી સ્કીમ મિલકતની ગેરકાયદેસર 'સિપોરેક્સ' બ્લોક દીવાલો તોડી નાખી હતી. નાગરિક સંસ્થાએ એન એસ રોડ પરના કાપોલે કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી ખાતે કરવામાં આવેલી તોડફોડની તસવીરો અને મિલકતના માલિકોને જારી કરાયેલી નોટિસો પણ શેર કરી હતી.

ઇમરાન ખાને દેશ છોડવાના આદેશ સામે હાઇકોર્ટનાં દ્વાર ખટખટાવ્યાં

મુંબઈ, તા. 17 (પીટીઆઈ): બોલિવૂડ એક્ટર ઇમરાન ખાન, જેઓ યુએસ નાગરિક છે, તેમણે એક રાજકીય વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધા બાદ 28 ઓક્ટોબર સુધીમાં ભારત છોડી જવાનો નિર્દેશ આપતી પોલીસ નોટિસને પડકારતી એક અરજી શનિવારે બોમ્બે હાઇકોર્ટમાં દાખલ કરી છે. બીજી તરફ, તેમને ફોરેનર્સ રજિસ્ટ્રેશન ઓફિસ (એફઆરઆરઓ) તરફથી કારણ દર્શાવો નોટિસ પણ મળી છે અને પૂછવામાં આવ્યું છે કે, તેમનો ઓવરસીઝ સિટીઝન ઓફ ઇન્ડિયા (ઓસીઆઈ)નો દરજ્જો શા માટે રદ ન કરવો જોઈએ. 43 વર્ષીય એક્ટર, જેમણે ચીફ ઇલેક્શન કમિશનર (મુખ્ય ચૂંટણી કમિશનર) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે જોડાયેલા મુંબઈના તાજેતરના આંદોલનમાં ભાગ લીધો હતો, તેમને એફઆરઆરઓ તરફથી કારણ દર્શાવો નોટિસ મળી છે. એમ તેમના વકીલ ઝુલ્ફિકાર મેમણે જણાવ્યું હતું. તેમના વકીલે જણાવ્યું હતું કે, મુંબઈ પોલીસે ખાનને તેમની અચાનક અને મનસ્વી 'લીવ ઇન્ડિયા નોટિસ' ઇશ્યૂ કરી તે એફઆરઆરઓ નોટિસ પહેલાં ઇશ્યૂ થવી જોઈતી હતી. બોલિવૂડ સુપરસ્ટાર આમિર ખાનના ભાણેજ અને કેટલીક હિન્દી ફિલ્મોમાં અભિનય કરી ચૂકેલા ખાનને 28 ઓક્ટોબર કે તે પહેલાં દેશ છોડી જવાનો આદેશ આપવામાં આવ્યો છે, તેમ ન કરવા પર કલમ 29 હેઠળ દેશનિકાલની પ્રક્રિયા શરૂ થઈ શકે છે.

રજનીકાંતની ફિલ્મોના જાણીતા તમિલ સંગીતકાર દેવાનું નિધન

ચેન્નાઈ, તા. 17 (પીટીઆઈ): તમિળ 'ગાના' શૈલીના લયના સ્વયંભૂ સર્જક અને 400 ફિલ્મોની કારકિર્દીમાં મુખ્યમંત્રી સી. જોસેફ વિજય સહિતના ટોચના હીરો માટે અસંખ્ય, શાનદાર હિટ્સ સંગીત આપનાર પ્રખ્યાત સંગીતકાર દેવાનું શનિવારે અહીં નિધન થયું હતું. તેઓ 75 વર્ષના હતા અને તેમણે અહીંની એક ખાનગી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. ખાસ નોંધવા લાયક છે કે, દેવાએ વધુ શક્તિશાળી સમકક્ષો વચ્ચે પોતાના માટે એક અનોખું સ્થાન મેળવવા માટે સખત સંઘર્ષ કર્યો અને ટોચના સ્ટાર્સ રજનીકાંત, કમલ હાસન, વિજય અને અજિત કુમાર માટે આકર્ષક અને યાદગાર, સર્વકાલીન હિટ ગીતો આપ્યા. રજનીકાંતે દેવાના સંગીતને "શુદ્ધ સોનું" અને ઉદાર ગણાવ્યું હતું અને યાદ કર્યું હતું કે તેમના મેગા હિટ 'અન્નામલાઈ', 'બાશા' અને 'અરુણાચલમ'માં દેવાનું સંગીત અદ્ભુત હિટ સાબિત થયું હતું. નોંધપાત્ર વાત એ છે કે, તે દેવા જ હતા જેમણે રજનીકાંતના લોકપ્રિય સિગ્નેચર ટાઇટલ-કાર્ડ-ક્રેડિટ માટે સંગીત આપ્યું હતું જે તેમની તમામ ફિલ્મોમાં જોવા મળે છે. આમ તો ઘણા લોકોએ રજનીકાંતની ફિલ્મો માટે સંગીત રચ્યું છે, પરંતુ ટાઇટલ-કાર્ડનું સંગીત ત્રણ દાયકાઓથી વધુ સમયથી દેવાનું જ રહ્યું છે, અને તેની શરૂઆત ધમાકેદાર હિટ ફિલ્મ અન્નામલાઈ (1992) થી થઈ હતી. પ્રખ્યાત સંગીતકારના પુત્ર શ્રીકાંત દેવાએ અહીં પત્રકારોને જણાવ્યું કે, "અચાનક જ અમારા પિતા અમને છોડીને ચાલ્યા ગયા, હાર્ટ અટેક આવવાથી તેમનું અવસાન થયું." 'ગાના' ગીતો, જે દેવાએ તમિળ ભાષી લોકોને ભેટ આપી, એક એવી સંગીત શૈલી, જેણે આમ લોકોની દુનિયા, તેમની પસંદ અને નાપસંદ અને યુવાનોના જીવનના ઉતાર-ચઢાવને મુખ્ય પ્રવાહમાં લાવવાનું કામ કર્યું. રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર, મુખ્યમંત્રી વિજય અને વિવિધ રાજકીય નેતાઓએ દેવાના અવસાન પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો.